# પાટનગરના ઉદ્યાનો બાળકોના કિલ્લોલથી જીવંત બન્યા

ગાંધીનગર, તા. ૧૭

શાળાઓમાં આખા વર્ષના અભ્યાસક્રમ પછી વાર્ષિક પરીક્ષાઓ હોય છે અને આ પરીક્ષાઓમાં જેની આતરૂતાથી રાહ જોવાતી હોય તે વેકેશન હોય ઉદ્યાનો બાળકોની મસ્તી અને રમતોથી ગાજી ઉઠે છે. સેક્ટર-૨૮માં આવેલ ઉદ્યાન અને અક્ષરધામની રાઈડ્સનો આનંદ લેવા બાળકો દોડી આવ્યા છે. અભ્યાસમાં ડૂબેલા બાળકો જે રમતો રમી શકતા




છે. પાટનગરની શાળાઓમાં પરીક્ષા પૂરી થઈ છે અને વેકેશનની શરૂઆત થઈ છે. ગાંધીનગરમાં અનેક ઉદ્યાનો આવેલા છે. જે વેકેશન પડતાની સાથે જ બાળકોના કિલ્લોલથી જીવંત બન્યા છે.

બપોરની ગરમીમાં તો નહિ પરંતુ સાંજની ઠંડકમાં નથી તેવી રમતો પકડમ-પકડાઈ, બરફ-પાણી, ક્રીકેટ, છૂપમછૂપાઈ, નદી-પર્વત જેવી રમતોનું આગમન થયું છે. ઉનાળુ વેકેશનની શરૂઆત થતા બાળકોમાં ખૂશીની લહેર પથરાઈ ગઈ છે અને ઉદ્યાનો ગાજી ઉઠ્યા છે.

# ગાંધીનગરમાં મોંઘીદાટ કેસર કેરીનુ આગમન

## ખરાબ હવામાનની કેરીના પાક પર વિપરીત અસર : કાચી કેસર કેરીનો ભાવ રૂ. ૧૪૦૦ થી ૧૫૦૦ અને પાકી કેરીનો ભાવ રૂ. ૧૨૦૦ થી ૧૩૦૦ રૂ. પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૭

સ્વાદરસિકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે કેસર કેરીનુ બજારોમાં આગમન થઈ ચૂક્યુ છે પરંતુ કેસરનો ભાવ આ વર્ષે ખુબ ઉંચો છે. એક પીટીનો ભાવ રૂ. ૧૨૦૦ થી ૧૫૦૦ ની વચ્ચે રહેતા સ્વાદરસીકોએ હમણાં તેની ખરીદી ટાળી છે.

ઉનાળાની આકરી ગરમીમાં સૌથી વધુ જો કોઈ ચીજ આનંદ આપતી હોય તો તે છે કેરી. એમાંય સૌરાષ્ટ્રની કેસર કેરી મળી જાય તો આનંદ બેવડાઈ જાય છે. ઉનાળો જામતા જ બજારોમાં કેસર કેરીનું આગમન થઈ ચૂક્યુ છે. કેસર કેરીના બોક્ષ બજારોમાં વેચાણ માટે આવી ચૂક્યા છે. જો કે હાલમાં કેસર કેરીનો ભાવ ખરેખર ખૂબ દઝાડી રહ્યો છે.

કેસર કેરીની કાચી પેટીનો ભાવ હાલમાં ૧૪૦૦ થી ૧૫૦૦ રૂ. રહ્યો છે. જ્યારે પાકી કેસર કેરીનો ભાવ રૂ. ૧૨૦૦ થી ૧૩૦૦ છે. કેરીનો ભાવ ખૂબ ઉંચો હોવાથી હાલમાં તેની ખરીદીમાં મંદી છે. વળી વહેલા ફાલની કેરી હોવાથી તેમાં જોઈએ તેટલી મીઠાશ પણ ન હોવાથી ખરીદી થઈ રહી નથી.

કેરીનો ભાવ ગત વર્ષ કરતાં લગભગ ૪૦ ટકા જેટલો ઉંચો છે. તેનું કારણ જણાવતા વેપારીઓ કહી રહ્યા છે કે આ વર્ષે વાતાવરણમાં ખુબ ફેરફારો આવ્યા. કમોસમી વરસાદની અસર કેરીના પાક ઉપર થઈ.

કેસર કેરીના મોર ખરી પડતા હાલમાં પાક ખૂબ ઓછો આવ્યો છે. વળી કેરીનું ફળ પણ નાનુ થયુ છે. પાક ઓછો હોવાથી સ્વાભાવિક રીતે જ ભાવ ખૂબ ઉંચા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હજુ ભાવો ઘટશે. કેસર કેરીનુ હજુ આગમન જ થયુ હોવાથી ભાવો વધુ રહ્યા છે જે ટૂંક સમયમાં ઘટશે.



# શહેરમાં વૃક્ષોના ટ્રીમિંગનું કામ હવે ઝડપથી થશે

## વન તંત્ર નવું મશીન ખરીદશે : અંદાજિત ૩૫ થી ૪૦ લાખ રૂપિયાના ખર્ચે મશીન ખરીદવામાં આવશે જેના અંતે સેક્ટરના આંતરિક માર્ગો આસપાસ પણ.નમેલી નડતરરૂપ ડાળીઓ દૂર કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વૃક્ષોના ટ્રિમિંગની કામગીરી થતી નથી શહેરના મુખ્ય માર્ગો અને સેક્ટરોના આંતરિક રસ્તાઓ આસપાસ પણ વૃક્ષોની નવી પડેલી તોતિંગ ડાળીઓ નાગરિકો માટે અવરોધ રૂપ બની રહી છે જોકે હાલ મંત્ર દ્વારા ટ્રિમિંગ નું કામ શરૂ કરાયું છે પરંતુ પર્યાપ્ત મેનપાવર અને મશીનરીના અભાવે કામગીરી ઝડપથી થઈ શકતી નથી જો કે વન તંત્રએ હવે નું નવું મશીન ખરીદવાનો નિર્ણય લીધો છે અંદાજિત ? ૩૫ થી ૪૦ લાખની કિંમતનું આ મશીન ટૂંક સમયમાં જ આવી જશે જેના અંતે શહેરમાં નડતરરૂપ વૃક્ષોની ડાળીઓ દૂર કરવા ની ઝુંબેશ તે જ બનશે ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વન આરક્ષિત વિસ્તાર પણ કંગાળ અને ગંદકીથી ખદબદતો જોવા મળે છે વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ પણ તૂટેલી હાલતમાં છે જ્યારે સફાઈના અભાવે વનવિસ્તારમાં જ કચરાના ટક ખડકાયા છે બીજી તરફ શહેરમાં વૃક્ષો ના ટ્રિમિંગ નું કામ પણ લાંબા સમયથી થતું નથી વિગત ચોમાસા બાદ પણ પ્રીમિંગના અભાવે સેક્ટરવાસીઓએ પરેશાની વેચવી પડી હતી જ્યારે હાલની સ્થિતિ એ પણ શહેરના મુખ્ય માર્ગો અને સેક્ટરોના આંતરિક રસ્તાઓ આસપાસ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ અવરોધ રૂપ બની છે મુખ્ય માર્ગો પર નમી પડેલી ડાળીઓના લીધે સાઈનબોર્ડ્સ પણ દેખાતા નથી રાહદારીઓને રાહ ચીંધતા સાઈનબોર્ડસ આડે પણ લટકતી ડાળીઓ જોવા મળે છે બીજી તરફ સેક્ટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રિમિંગ ના અભાવે સ્થાનિક રહેશો માટે અનેક સમસ્યાઓ ઊભી થઈ છે સેક્ટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીમિંગ ન થતા સ્ટ્રીટ લાઇટના થાંભલા આડે પણ વૃક્ષો ની ડાળીઓ લટકતી રહેતા આંતરિક માર્ગો પર પૂરતું અજવાળું પથરાતું નથી અગાઉ પણ આ મામલે અનેક વાર રજૂઆતો કરી છે આવા સંજોગોમાં વન તંત્ર પાસે પણ પૂરતો સ્ટાફ અને મશીનરી ના હોવાના કારણે ટ્રિમિંગ નું કામ સમયસર અને ઝડપી થઈ શકતું નથી જો કે હાલ શહેરના માર્ગો પર ટ્રીમિંગ ની કામગીરી માટે ધીમો કામે લગાડવામાં આવી છે જ્યારે હવે વન તંત્ર દ્વારા ટૂંક સમયમાં નવું મશીન પણ ખરીદવામાં આવશે શહેરમાં હાલ કોર્પોરેશન પાસે વૃક્ષોને ટ્રેમિંગ કરવા માટે બે મશીન છે જેની મદદથી પણ આ કામગીરી કરવામાં આવે છે વૃક્ષોના ટ્રિમિંગની કામગીરી માટે વનતંત્ર દ્વારા નવું મશીન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જ્યારે આ માટે અંદાજિત ૩૫ થી ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે જેના અંતે આગામી ચોમાસા પૂર્વે શહેરના મુખ્ય માર્ગોને સેક્ટરોના આંતરિક માર્ગો પર ની કામગીરી માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.



# દેશમાં હાલ ૫૦૦૦ નગર નિયોજકો છે, ૨૦૩૧ સુધીમાં ત્રણ લાખ જેટલા જોઈશે

## રાજ્યમાં નગર નિયોજકની અછતના કારણે શહેરો ઝડપી વિકાસથી વંચિત, ગુજરાતમાં પણ તંગી છેઃ RERAના પૂર્વ ચેરમેન

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા)ના નિવૃત્ત થયેલા ચેરમેન ડો. અમરજીતસિંઘના કહેવા પ્રમાણે ભારતને ૨૦૩૧ સુધીમાં ત્રણ લાખથી વધુ નગર નિયોજકોનો જરૂરિયાત છે પરંતુ અત્યારે દેશમાં માત્ર ૫૦૦૦ નગર નિયોજકો છે જેના કારણે શહેરો ઝડપી વિકાસથી વંચિત રહી જાય છે. ગુજરાતમાં પણ નગર નિયોજકોની તંગી વર્તાઇ રહી છે. મહત્વની બાબત એવી છે કે દેશમાં નગર નિયોજકો તૈયાર કરતી સંસ્થાઓ ૨૬ આવેલી છે પરંતુ તેમાં પ્રતિવર્ષ માત્ર ૭૦૦ નગર નિયોજકો તૈયાર થાય છે. દેશ અને ગુજરાતમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે પરંતુ ટેકનિકલ સ્ટાફના અભાવે વિકાસ યોજનાઓમાં વિલંબ થઈ રહ્યો છે.

શહેરીકરણના પડકારો અંગે તેમણે જણાવ્યું છે કે પ્રત્યેક ભારતીય શહેર એક માસ્ટરપ્લાન, એક વ્યૂહાત્મક શહેરી આયોજનનો દસ્તાવેજ ધરાવતું હોવું જોઈએ અને તેને એક દસકામાં ફરીથી અદ્યતન બનાવવો જોઈએ. આ દસ્તાવેજમાં સાતત્યપૂર્ણ રીતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન પુરૂં પાડતી વખતે શહેરનો હોરિઝોન્ટલ તેમજ વર્ટિકલ, જુદાં જુદાં સેક્ટરોમાં કેવો વિકાસ થશે તેની છણાવટ થયેલી હોવી જોઈએ. આ માટે ભારતને ૨૦૩૧ સુધીમાં ૩,૦૦,૦૦૦થી વધુ નગર નિયોજકોની જરૂર પડશે. દેશમાં હાલ નગર નિયોજકોની મોટી અછત વર્તાઇ રહી છે. આ સમસ્યા મોટાભાગે મૂળભૂત રીતે દેશમાં નગર નિયોજન સબંધિત શિક્ષણના અભાવને કારણે છે. માત્ર ૨૬ સંસ્થાઓ તેનો અભ્યાસક્રમ પુરો પાડે છે. આપણે ૧.૧ મિલિનય નિયોજકોની અછત ભોગવી રહ્યાં છીએ, કેમ કે વર્ષે ખૂબ ઓછા નિયોજકો આ સંસ્થાઓમાંથી બહાર પડતા હોય છે. આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની રૂચિ પણ ઓછી જોવા મળે છે. પૂર્વ ચેરમેને એવી ભલામણ કરી છે કે ધોરણસરનું પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ શરૂ કરવા સ્થાનિક આઈટીઆઈ અને એનઆઈટીએસને પ્રોત્સાહન આપવાની સાથે વધુ સંસ્થાઓ શરૂ કરવાની જરૂર છે. દેશના ૮૦૦૦ નગરો ને શહેરો સાથે એક જંગી જરૂરિયાત પણ સંતોષાયેલી રહે છે જેને પુરી કરવા માટે પ્રયાસ કરવો પડશે. કેમ કે બાંધકામના વધતા જતા વિસ્તારમાં નગર નિયોજકોએ જળવાયુ પરિવર્તન અને અતિશય વરસાદની વધતી જતી ઘટનાઓનો સામનો કરવા માટે સજ્જ થવું પડશે.

# તલાટીની પરીક્ષા આપવા માટે કન્ફર્મેશન ફોર્મ ભરવું ફરજિયાત

## પરીક્ષામાં મોટી સંખ્યામાં ગેરહાજર રહેતા ઉમેદવારોને કારણે થતાં સંશાધનોના વેડફાટને અટકાવવા લેવાયો મહત્વનો નિર્ણય : કન્ફર્મેશન નહીં આપનાર ઉમેદવાર પરીક્ષા આપી શકશે નહીં

ગાંધીનગર, તા.૧૭

આગામી મે માસની સાતમી તારીખે વધુ એક સરકારી ભરતી પ્રક્રિયા અંતર્ગત મોટી સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. તલાટીના પદ માટેની આ પરીક્ષા માટે ઉમેદવારોએ અગાઉથી કન્ફર્મેશન આપવું જરુરી છે. આજે ગુજરાત સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે "પરીક્ષા આપવા માંગતા ઉમેદવારોએ કન્ફર્મેશન ફોર્મ ભરવું ફરજિયાત છે અને કન્ફર્મેશન નહીં આપનાર ઉમેદવાર પરીક્ષા આપી શકશે નહીં."

રાજ્યમાં તલાટીની પરીક્ષાને અનુલક્ષીને તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આજે ગુજરાત સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે "તાજેતરમાં યોજાયેલી જુનિયર ક્લાર્કની પરીક્ષામાં જે ઉમેદવારોએ અરજી કરી હતી તે પૈકી માત્ર ૪૧ ટકા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને ૫૯ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ઉમેદવારોની ગેરહાજરીને કારણે સરકારી સંસાધનોનો ખોટો બગાડ થાય છે અને કાગળ સહિતની સામગ્રીનો મોટા પાયે વેડફાટ થાય છે. આ બગાડ અટકાવવા આ વખતે નિર્મણ લેવામાં આવ્યો છે કે તલાટીની આગામી પરીક્ષામાં જે ઉમેદવારો સામેલ થઈને પરીક્ષા આપવા માગે છે તેવા ઉમેદવારોએ અગાઉથી પોતાનું કન્ફર્મેશન આપવું જરૂરી છે. પરીક્ષા આપવા માંગતા ઉમેદવારોએ "પરીક્ષા કન્ફર્મેશન ફોર્મ" ભરવું ફરજિયાત છે અને કન્ફર્મેશન નહીં આપનાર ઉમેદવારો તે પરીક્ષા આપી શકશે નહીં. ઉમેદવારોએ ઓજસ પ્લેટફોર્મ પર જ તેમનું કન્ફર્મેશન આપવાનું રહેશે. કન્ફર્મેશન ફોર્મ ભરવા માટે છ દિવસનો સમય આપવામાં આવશે. કન્ફર્મેશન ના આપનાર ઉમેદવાર પરીક્ષામાં સામેલ થઈ શકશે નહીં."

# આગામી શૈક્ષણિક વર્ષમાં આરટીઈ હેઠળ પ્રવેશ માટે તા.૧૦ થી ૨૨ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

રાજ્ય સરકાર દ્વારા આરટીઈ એક્ટ, ૨૦૦૯ હેઠળ હાલ આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જે માટે તા.૧૦ થી તા.૨૨સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે એમ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે. ઘણા જિલ્લાઓમાં ગરીબ વાલીઓને મનગમતી શાળામાં પ્રવેશ આપવાના નામે પૈસા પડાવતા એજન્ટો સક્રિય હોવાનું રાજ્ય સરકારના ધ્યાને આવ્યું છે. બોગસ એજન્ટો દ્વારા ખોટા પુરાવાઓ તૈયાર કરવાની લાલચ આપવામાં આવે છે. આથી જાહેર જનતાને આવી ભ્રામક જાહેરાતો કે લોભ-લાલચમાં ફસાયા વિના કોઈપણ પ્રકારના નાણાંની લેવડદેવડ નહી કરવા તેમજ આવા કોઈ એજન્ટો આસપાસ જણાય તો તાત્કાલિક સંબંધિત જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરી અથવા વોટ્સએપ હેલ્પલાઈન નં. ૭૦૪૬૦૨૧૦૨૨ પર તાત્કાલિક ફરિયાદ કરવા રાજ્ય સરકારે અનુરોધ કર્યો છે. સરકાર આવા એજન્ટો સામે કાયદેસરની કાર્યવાહી કરશે. આ સિવાય જો કોઈ વાલી દ્વારા ખોટા પુરાવા રજૂ કરવામાં આવશે અને ચકાસણી કરતાં તે પુરાવા ખોટા સાબિત થશે તો તેવા વાલીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા સરકારને ફરજ પડશે.

# ગુરુ ગ્રહનો મેષ રાશિમાં પ્રવેશ ફાયદાકારક રહેશે

## તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૩ ના રોજ ગુરુ પોતાની સ્વરાશિ મીનમાંથી નીકળી મિત્ર રાશિ મેષમાં પ્રવેશ કરશે અને તારીખ ૧ મેં ૨૦૨૪ સુધી ત્યાં ભ્રમણ કરશે

### ગુરુ રાહુના ચાંડાલ યોગની અસરઃ

ગુરુ એ દેવના ગુરુ છે અને રાહુએ દૈત્ય સેનાપતિ છે બંનેના આચાર વિચાર, કાર્યમાં ભિન્નતા જોવા મળે છે મેષ રાશિમાં તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૩ થી ગુરુ ગ્રહનો પ્રવેશ થાય છે અને ત્યાં હાલ રાહુનું ભ્રમણ તારીખ ૩૦ ઓક્ટોબર ૨૦૨૩ સુધી છે એટલે આ સમયગાળા દરમિયાન મેષ રાશિમાં ગુરુ રાહુ ની યુતી થશે જે ચાંડાલ યોગ તરીકે પણ ઓળખાય છે. કુંડળીમાં કઈ રાશિમાં ચાંડાલ યોગ થયો છે અને કયા સ્થાનમાં થયો છે તે વાત ફલકથનમાં ધ્યાનમાં લેવાતી હોય છે ઉપરાંત મંગળ કે શનિ ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો ફલકથનમાં વિશેષ ધ્યાનમાં રાખવાની વાત પણ કરવામાં આવે છે. જો જાતકની કુંડળીમાં ચાંડાલ યોગ થતો હોય તો તેની વિચારસરણી જડ, જિદ્દી કે અધ્યાત્મ હોઈ શકે, વિશેષ કાર્ય પણ કરતા જોવા મળે છે, ક્યારેક બોલવામાં કટાક્ષ કે વ્યસન પણ થઈ શકે તેવું બનવા જોગ છે જિંદગીમાં સંઘર્ષ બાદ સફળતા મળતી હોય છે આ જાતક ઉતાવળિયા નિર્ણયથી બચવો જોઈએ તેમજ પાચનશક્તિ આંતરડા કમળો ટાઈફોડ પાણીજન્ય રોગ વગેરેથી ધ્યાન રાખવું હિતાવહ છે આ યોગથી ગભરાવવા જેવું નહીં પણ ચોકસાઈ રાખવી હિતાવહ કહી શકાય, વિદ્વાન ના માર્ગદર્શન મુજબ વિધિ કરાવી શકાય, ઉપરાંત સરસ્વતી ઉપાસના કે શિવ ઉપાસના શ્રેષ્ઠ માનવામાં આવે છે, ઘણા નેતા, અભિનેતા, રમતવીર, ઉચ્ચ જ્ઞાની, અધિકારી, વેપારી વગેરેમાં આ યોગ જોવા મળેલ છે અને તેઓ સંઘર્ષ બાદ સારા સફળ પણ થયા છે. ચાંડાલ યોગની અસર બજારની વધઘટ પર પણ થાય છે ગુરુ એટલે વિધ વ્યવસ્થા અને રાહુ એટલે પ્રપંચ જેવા ગુણના આધારે બજારમાં તેજી જોવા મળતી હોય છે અને તેમાં કઈ રાશિમાં ચાંડાલ યોગ છે ગોચર ગ્રહની કેવી સ્થિતિ છે તેના પર વિશેષ ધ્યાન અપાય છે શેર બજારમાં મોટે ભાગે તેજીને ચાલ જોવા મળી શકે, બેંકિંગ સેક્ટરમાં સુધારો જોવા મળે કે બેંકના કોઈ બનાવ પણ બની શકે તેવી ધારણા કરી શકાય, સોના ચાંદીના ભાવ પણ તેજી તરફી જોવા મળી શકે, એગ્રો કોમોડિટી માં હળદર ચણા મકાઈ સોયાબીન સરસવ જેવી વસ્તુમાં પણ અચાનક ભાવ વધારો જોવા મળી શકે તેવું બનવા જોગ છે.

ગાંધી.તા.૧૭

કોઈ પણ ગ્રહ નું બીજી રાશિમાં પ્રવેશ એ બારે રાશિમાં પરિવર્તન લાવે છે ત્યારે દેવગુરુ બૃહસ્પતિ તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૩ ના રોજ પોતાની સ્વરાશિ મીનમાંથી નીકળી તેમના મિત્રની રાશિમાં પ્રવેશ કરશે અને તારીખ ૧ મે ૨૦૨૪ સુધી ક્યાં ભ્રમણ કરશે ૧૨ રાશિના જાતકને એ સામાન્ય ફળ કથન મુજબ કેવો ફળ મળશે તે જોઈએ જાતકની વર્તમાન ગ્રહ દશા ગોચર વગેરે જેવી બાબત મુજબ ફળ કથનમાં વિશેષ લાભ જોવામાં આવે છે. રાશિ પર અલગ અલગ અસર જોવા મળશે તે જ્યોતિષશાસ્ત્રી ના જણાવ્યા અનુસાર નીચે મુજબ છે.

**મેષ (અ, લ, ઈ) :** તમારી રાશિ પરથી ગુરુનું ભ્રમણ સંતાન બાબત તેમજ મુસાફરી યાત્રા કે જાત્રા બાબતે લાભ અપાવી શકે છે, સ્વાસ્થય બાબતે થોડી કાળજી રાખવી હિતાવહ છે, આર્થિક બાબતમાં સુધારો સંભવિત કહી શકાય.

**વૃષભ (બ, વ, ઉ):** તમારી રાશિથી ૧૨ મે ગુરુનું ભ્રમણ થવાથી થોડી કાળજી રાખવી, નોકરીમાં લાભની તક અપાવે, કોઈ સ્વાસ્થયની સમસ્યા હોય તો તેમાં કોઈ નિદાન ફાયદો કરાવે, જમીન, મકાન બાબતે કોઈ લાભ ની વાત પણ બની શકે.

**મિથુન (ક, છ,ઘ):** તમારી રાશિથી ૧૧માં સ્થાનમાં ગુરુનું ભ્રમણ થવાથી કુટુંબને લગતી બાબતમાં લાભ અપાવે, સંતાન બાબતે પણ કોઈ સારી વાત બની શકે છે. દાંપત્ય જીવનમાં પણ સુખીની વાત બની શકે છે.

**કર્ક(ડ, હ):** તમારી રાશિથી ૧૦ મી ગુરુનું ભ્રમણ પરિવાર અને નાણા સુખમાં વધારો કરશે, કોઈ સારા પ્રસંગ ની વાત બની શકે, વ્યવસાયમાં સુધારો થાય, વડીલ વર્ગમાં શ્વાસ્થયની થોડી ચિંતા આવી શકે.

**સિંહ(મ, ટ):** તમારી રાશિથી ૯ મે ગુરુનું ભ્રમણ ધાર્મિક કાર્યમાં રુચિ વધારે, સ્વાસ્થય અંગે કોઈ દ્વિધા હોય તો તેમાં પણ સારો સુધારો આવી શકે, કુટુંબમાં કોઈ લાભ ની વાત પણ બની શકે છે.

**અગાઉ ગુરુ અને રાહુનો ચાંડાલ યોગઃ**

| સમય ગાળો | રાશી |
|---|---|
| જુલાઈ ૨૦૦૧ થી ફેબ્રુઆરી ૨૦૦૨ | મિથુન |
| ડિસેમ્બર ૨૦૦૮ થી એપ્રિલ ૨૦૦૯ | મકર |
| ફેબ્રુઆરી ૨૦૧૬ થી જુલાઈ ૨૦૧૬ | સિંહ |
| આગામી યોગ ૨૦૩૦ થી ફેબ્રુઆરી ૨૦૩૧ | વૃશ્ચિક |

**કન્યા (પ,ઠ, ણ):** તમારી રાશિથી આઠમે ગુરુનું ભ્રમણ કોઈ કાર્ય અર્થે મુસાફરી કરાવે, નાણાકીય સ્થિતિમાં સુધારો આવે, પરિવારમાં કોઈ સારા પ્રસંગમાં યોગદાન આપવાનું પણ બની શકે છે.

**તુલા (ર, ત):** તમારી રાશિથી સાતમે ગુરુનું ભ્રમણ આકસ્મિક લાભના યોગ ઊભા કરશે, સ્વાસ્થ્ય માં સુધારો થાય, આત્મબળ વધે, કુટુંબ પ્રત્યે ભાવના વધે, કામકાજના ઉત્સાહ પણ વધે તેવા યોગ બને છે.

**વૃશ્ચિક(ન, ય):** તમારી રાશિથી છઠ્ઠી ગુરુનું ભ્રમણ કામકાજમાં સારો લાભ કે સારી તક અપાવશે, મુસાફરીના યોગ પણ બનાવશે, નાણાકીય બાબતમાં પણ લાભ થાય તેવો બનવા જોગ છે.

**ધન(ભ, ફ, ધ, ઢ):** તમારી રાશિથી પાંચમી ગુરુનું ભ્રમણ ભાગ્યને બળ મળશે, અટકેલા કાર્ય પુરા કરવા મહેનત કરશો તો લાભ સંભવિત છે, આકસ્મિક લાભ ની વાત બનવા જોગ છે, સ્વાસ્થ્ય સુખાકારી સારી રહે.

**મકર (ખ, જ):** તો મારી રાશિથી ચોથી ગુરુનું ભ્રમણ આકસ્મિક લાભની તક અપાવશે, નોકરી વ્યવસાયમાં લાભની કોઈ વાત પણ બની શકે છે, યાત્રા કે જાત્રા ના યોગ પણ છે જેમાં ખુશી અનુભવો.

**કુંભ(ગ, સ,શ):** તમારી રાશિથી ત્રીજે ગુરુનું ભ્રમણ દાંપત્ય જીવનમાં સુખાકારી વધારશે, ભાગ્યને બળ મળશે જેથી મહેનત બાદ કામકાજમાં સારી સફળતા મળશે, કોઈ લાભ ની વાત અંગત જીવનમાં પણ મળી શકે છે.

**મીન(દ,ચ, ઝ, થ):** તમારી રાશિથી બીજે ગુરુનું ભ્રમણ નોકરી વ્યવસાયમાં લાભ અપાવશે, જુના અટકેલા કાર્યમાં સફળતા મળી શકે છે, પરિવારમાં કોઈ પ્રસંગમાં સારું યોગદાન પણ આપી શકાય.

ગ્રહો ની યુતિ અને તેના પર ગ્રહની દ્રષ્ટિ, રાશિ, તેમજ અન્ય બાબત ફલાદેશમાં ખૂબ ભાગ ભજવે છે તે પછી વ્યક્તિગત કોઈ જાતક હોય કે બજાર ની સ્થિતિ હોયતેમ માની લેવું ...

ડો. હેમીલ પી લાઠીયા, જ્યોતિષાચાર્ય

